ગાંધીનગર સમાચાર

# સમર્પણ પબ્લિક સ્કૂલમાં વિશ્વ મહિલા દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૭

સમર્પણ પબ્લિક સ્કુલ ખાતે આજ રોજ મહિલા દિવસની ઊજવણી કરવામાં આવેલ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવેલા હતી. ત્યારબાદ સંસ્થાના આચાર્ય શ્રીમતી નિધિશર્મા એ મહિલાશક્તિ કરણ વિશે માહિતી આપી ત્યારબાદ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ મહિલાસશકિત કરણ ઉપર ખૂબ જ સરસ વકૃત્વ આપ્યું કે આજની નારી શું નથી કરી શકતી?

આજે તમામ ક્ષેત્રમાં નારી આગવી હરોળમાં ઊભી છે પછી તે અવકાશીય હોય, રાજકારણીય હોય, શિક્ષણના હોય કે પર્વતારોહણ હોય તમામ ક્ષેત્રમાં આગળ છે. નારીને પ્રોત્સાહિત કરી તેમના આત્મબળ વધારવાની જરૂર છે. આજે નારી પુરુષ સમોવડી બની રહી છે.

આપણે સૌ સાથે મળીને સ્ત્રીશકિતને સન્માનિએ. આવા સરસ મજાના કાર્યક્રમ સાથે વિસ્યાર્થીઓએ અને શિક્ષકોએ નારીશકિતને ઊજાગર કરવાની શપથ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

# કડી સર્વ વિદ્યાલય ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિદ્યાલય મંડળની વિવિધ શાળા અને કોલેજોની બહેનોને પ્રોત્સાહન મળી રહે તેમજ મહિલા સશક્તિકરણમાં વધારો થાય તે હેતુથી વુમન ડેવલપમેન્ટ સેલના ચેરપર્સન પ્રો.વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ૪થી માર્ચે આંતરરાર્ષ્ટીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમના આરંભે દીપ પ્રાગટ્ય પૂર્ણ થયા પછી મહિલાદિનની ઉજવણી નિમિત્તે ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનશ્રી મહેશભાઈ સવાણીએ દરેક બહેનોને શુભેચ્છા સંદેશ આપી મહિલાઓ વધુ ને વધુ પ્રગતિ કરે તેમ જણાવ્યું હતું.

વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા દિન નિમિતે svkm અને Ksv ગાંધીનગરની સ્ટાફ બહેનો માટે વિવિધ રમતો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૬૭૦ બહેનો હાજર રહી હતી અને તેમાંથી ૩૫૦ જેટલી બહેનોએ રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને દરેક બહેનોએ બપોરના ભોજનનો પણ આનંદ માન્યો હતો. સામાજિક,આર્થિક અને શારીરિક રીતે સંઘર્ષ કરીને દિન-પ્રતિ દિન આગળ વધતી હોય તેવી વિદ્યાર્થીનીને મહિલા











એવૉર્ડથી દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે.

જેમાં આ વર્ષે કડી સર્વ વિશ્વ વિદ્યાલયની બાયોટેકનોલોજી કોલેજની વિદ્યાર્થીની શ્રધ્ધા પરમારને સંસ્થા તરફથી મહિલા ગૌરવ એવૉર્ડ આપી સન્માનિત કરી રૂ. ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ગાર્ગીબેન રાજપરા પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના કો.ઓર્ડીનેટ તરીકે ડો.સુનીતા લીલાણીએ જવાબદારી સંભાળી હતી. કાર્યક્રમના અંતે ડો.શિવાનીએ સંસ્થા પરિવારવતી ઉપસ્થિત સર્વે નો આભાર માન્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જૈમીનીબેન તેમજ વર્ષાબેને કર્યું હતું.

# સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટે જી.ટી.યુ. ઝોનલ ટેક-ફેસ્ટમાં બીજો ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા. ૭

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ગાંધીનગર બી.ફાર્મ. સેમેસ્ટર-૪ની વિધ્યાર્થિનીઓ કુ. નિધિ પટેલ, લિપિ ત્રિવેદી અને માન્સી પટેલ દ્વારા સંસ્થાના



પ્રોફેસર શ્રી. સંદિપ બડેલીયા ના માર્ગદર્શન હેઠળ કલોલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રિસર્ચ સેન્ટર ખાતે યોજાયેલ જી.ટી.યુ. ઝોનલ ટેક-ફેસ્ટમાં પોસ્ટર સ્પર્ધામાં બીજો ક્રમ મેળવીને સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

# સરકારી વિનયન કૉલેજ ગાંધીનગર ખાતે ઈનામ વિતરણ સમારોહ

ગાંધીનગર, તા. ૭

સરકારી વિનયન કૉલેજ ગાંધીનગરના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થીઓની સિધ્ધિઓને સન્માનવા ઈનામ વિતરણ કાર્યક્રમ ૬ઠ્ઠી માર્ચે કોલેજના વિવેકાનંદ સભાખંડ ખાતે યોજવામાં આવ્યો. આ સમારોહમાં મુખ્ય મહેમાન પદે સુ.શ્રી . ડૉ. ચેતનાબેન બુચ (આચાર્ય, શેઠ સી.એમ. હાઈસ્કુલ અને હાયર સેકન્ડરી સ્કુલ, કડી સર્વ વિદ્યાલય), અતિથિ વિશેષ શ્રી દીપ જોષી (સેકશનલ ઓફિસર, પાટનગર યોજના વિભાગ, ગાંધીનગર) ઉપસ્થિત રહી વિવિધ ક્ષેત્રમાં ઈનામન મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.કૉલેજના ઈનામ પ્રાપ્ત કુલ ૯૯ જેટલા વિદ્યાર્થીઓને મહેમાનો, આચાર્ય તથા કૉલેજના વિવિધ વિભાગ/સમિતિના અધ્યાપકોના હસ્તે ટ્રોફી,મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. વિવિધ પ્રવૃતિ જેવી કે સાંસ્કૃતિક , સ્પોર્ટ્સ, કલા મહાકુંભ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, સર્જનાત્મક





અભિવ્યકિત ધારા હેઠળ કાવ્યલેખન સ્પર્ધા કૉલેજ, તાલુકા જિલ્લા અને રાજય કક્ષાએ યોજાયેલ જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

કૉલેજ દ્વારા રાજયકક્ષાની "વિજય પદ્મ" નિબંધ સ્પર્ધા દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજવામાં આવેલ જેમાં પ્રથમ વિજેતા – સરકારી વિનયન કૉલેજ વંથલી (જુનાગઢ) અને દ્વિતિય વિજેતા સરકારી વિનયન કૉલેજ ભાણવડ (દેવભૂમી દ્વારકા) અને તૃતિય વિજેતા સરકારી વિનયન કૉલેજ જાફરાબાદ (અમરેલી) એ પ્રાપ્ત કરેલ આ સમારંભમા મા. આચાર્યશ્રી ડૉ.આર.બી.કોઠારી સાહેબે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા મુખ્ય મહેમાન સુ.શ્રી ડૉ.ચેતનાબેન બુચે વિદ્યાર્થીઓની સિધ્ધિઓને બિરદાવી જીવનમાં કર્ણની દાનવીરતા અને એકલવ્યની એકાગ્રતાના ઉત્તમ ગુણ વિકસાવી સદા સફળ રહી સમાજસેવા કરવા ચેતનારૂપ સંદેશો આપેલ. આ સમારોહનું સફળ આયોજન ઈનામ વિતરણ સમિતિના અધ્યક્ષ ડૉ.કે.જી.પટેલ અને ડૉ.ટી.એમ.શેખે કરેલ કાર્યકર્મની આભારવિધિ ડૉ.યુ.કે.ગાંગુર્ડે અને સમગ્ર કાર્યકર્મનુ સંચાલન ડૉ.એમ.ડી.ઉપાધ્યાયે કરેલ વિવિધ સમિતીઓના અધ્યાપકશ્રીઓએ સાથ અને સહકાર પુરો પાડ્યો હતો.

### ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની ચાલી રહેલી પરીક્ષા દરમિયાન

# પ્રશ્નપત્રોની ગોપનીયતા અને વર્ગખંડોમાં સીલબંધ કવરમાં પહોચ્યા છે કે નહી તેની માહિતી મોબાઈલ દ્વારા હવે મળતી થઈ

ગાંધીનગર, તા. ૭

હાલમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે પરીક્ષાખંડમાં પ્રશ્નપત્રોની ગોપનીયતા



જળવાઈ રહે તથા પ્રશ્નપત્રો પરીક્ષા શરૂ થાય તે પહેલા વર્ગખંડોમાં સીલબંધ કવરમાં પહોંચે અને વિદ્યાર્થીઓની હાજરીમાં જ પ્રશ્નપત્રના પાર્સલ અકબંધ હાલતમાં જાય તેની ખાતરી થાય અને આ સમગ્ર પ્રક્રિયામાં કોઈપણ જાતની ગેરરીતિ ન થાય તેની ચૂસ્ત વ્યવસ્થા માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરાયેલ Paper box Authentication & Tracing Application (PATA) નો ખૂબ સફળતાપૂર્વક અમલ થઈ રહયો છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાવ અને માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે. શાહ તથા પત્રકાર મિત્રોની ઉપસ્થિતિમાં આ એપ્લીકેશન ધ્વારા પ્રશ્નપત્રોની ગોપનીયતાની જે ચૂસ્તવ્યવસ્થા કરાઈ છે તેનું નિદર્શન કરાયું હતું.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, મહેનતુ વિદ્યાર્થીઓને તેમની મહેનતનું ફળ મળે તે માટે પરીક્ષાઓમાં કોઈજાતની ગેરરીતિ ન થાય તે દિશામાં શિક્ષણ વિભાગે જે મહત્વના પગલાં લીધા છે તેમાં આ એક સૌથી મહત્વનું અને નિર્ણાયક પગલું છે. તેનાથી પરીક્ષાઓમાં ગેરરીતિની હવે કોઈ સંભાવના રહેશે નહી.

ધોરણ-૧૦ અને ધોરણ-

### આ માટેની Paper box Authentication & Tracing Application (PATA)નો સફળતાપૂર્વક અમલ

૧૨ની પરીક્ષામાં પ્રશ્નપત્રોના પાર્સલ વર્ગખંડોમાં અકબંધ હાલતમાં જાય છે, તેના વેરીફીકેશન માટે જે મોબાઈલ એપ્લીકેશન શરૂ કરાઈ છે તેના દ્વારા ૧૩૭ ઝોનથી અકબંધ હાલતમાં પ્રશ્નપત્ર પેપરના બોક્ષની રવાનગી થયેલ છે તેની ખાતરી કરવામાં આવે છે. ઉપરાંત ઝોન કક્ષાએથી ૫૫૫૯ બિલ્ડીંગ પર પહોંચતા પ્રશ્નપત્રના પાર્સલ અકબંધ હાલતમાં જાય છે તેની પણ ખાતરી મોબાઈલ એપ ધ્વારા જ જેતે સ્થળ પર જ થઈ જાય છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ આવી ગયેલ ઉત્તરવહીના પાર્સલોના ફોટોગ્રાફસ તેમજ હાજરી પણ બોર્ડની કચેરીને મળી જાય છે. રાજય સરકારની

ઈચ્છાશકિતના પરિણામે પરીક્ષા ગેરરીતિવિહીન થાય અને મહેનત કરનાર વિદ્યાર્થીઓને ન્યાય મળે તે દિશામાં શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ પગલું લીધું છે.

આ એપ્લીકેશનના પરિણામે બોર્ડની જાહેર પરિક્ષાના પ્રશ્નપત્રોના સીલબંધ બોક્ષ પહોંચ્યાનો સમય અને પરીક્ષા સ્થળની માહિતી મોબાઈલ એપ ધ્વારા સ્થળ પર જ હવે મળી જશે. ફોટોગ્રાફસના આધારે પ્રશ્નપત્રોના બોક્ષ કેટલા વાગ્યે પરીક્ષા સમયે પહોચ્યા, પરીક્ષા કેન્દ્રના કયા લોકેશન પર રાખવામાં આવ્યા, પ્રશ્નપત્રોના બોક્ષ પરીક્ષા કેન્દ્રો પર સીલબંધ રીતે પહોચ્યા છે કે નહી, પ્રશ્નપત્રોના બોક્ષ સીલબંધ અને સમયસર મળ્યા છે કે નહીં, ઉપરાંત પરીક્ષા પૂર્ણ થયા બાદ હાજર પરિક્ષાર્થીઓની લખાયેલ જવાબવહીઓ સીલબંધ કરવામાં તેમજ કયા સમયે મુકાયેલ છે તે પણ જાણી શકાશે.

# 'સ્ત્રી-શક્તિ-જાગૃતિ' દ્વારા સંસ્કૃતિના માર્ગે આગળ વધવાનો સુંદર પ્રયાસ



આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી એ શક્તિ-સ્વરૂપા સ્ત્રી શક્તિ અત્યારે સુપ્ત અવસ્થામાં છે તેને જાગૃત કરી તેની અસલિયત પ્રગટ કરવાનો આ પ્રયાસ છે...સ્ત્રીત્વને વધુ ઉજ્જવળ બનાવી, તેના વિશે સભાન બનાવવાનો પ્રયાસ...સ્ત્રીના વાસ્ત્લ્યમાં વ્યાપકતા છે, પણ મોહ નથી, જેનામાં કર્તુત્વ છે પણ લોભ નથી, સદગુણ હોવા છતાંય જેનામાં તે વિષે અહંકાર નથી, આવા સ્ત્રીના ગુણોનો સમાજમાં ફેલાવો થાય, તેના ગુણોનું સમાજમાં પ્રભુત્વ વધે, તેનું આંતરિક સત્વ જાગૃત થાય તથા સમાજમાં તેની સુગંધ ફેલાય, મહિલાઓના જરૂરી ઉત્કર્ષ માટે લોકોને કટીબદ્ધ કરવા, શિક્ષણનો વ્યાપ વધે, કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે ઉદ્દેશ્યથી કરવામાં આવે છે. સ્ત્રીશક્તિ એ સર્જનાત્મક શક્તિ છે, પ્રેમશક્તિ છે, આત્મશક્તિ છે. એટલે કે ' સ્ત્રી- જાગૃતિ ' એમ નહિ પણ ' સ્ત્રી-શક્તિ-જાગૃતિ ' નું કામ કરવાનું છે. ૨૦૨૦ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો થીમ પણ છે. "I am Generation Equality: Realizing Women's Rights".

સંસ્કૃતમાં સ્ત્રી માટે અનેક શબ્દો છે. તેમાંથી એક અબળા ને બીજો મહિલા. અબળાનો અર્થ છે દુર્બળ – જેનું રક્ષણ બીજાએ કરવું પડે, અને મહિલાનો અર્થ થાય છે મહાન, ખૂબ તાકાતવાળી. વિનોબાજી કહેતા કે, ' મેં ક્યાંય અબલા- સમિતિ નથી જોઈ પણ મહિલા સમિતિ જોઈ છે. ' બહેનોએ પસંદગી મહિલા શબ્દની કરી. અર્થાત તેમણે જ નક્કી કર્યું કે તે મહાન શક્તિ છે.

સ્ત્રીઓના ઉદ્ધાર માટે ભારતમાં પ્રાચીનકાળમાં ભગવાન કૃષ્ણ અને મહાવીરે પ્રયત્નો કર્યા. જ્યારે અર્વાચીનકાળમાં ગાંધીજીએ. દારૂની દુકાને પિકેટિંગ સ્ત્રીઓ દ્વારા કરાવ્યું. લોકો બોલ્યા ! જ્યાં અનીતિમાન લોકો જાય છે અને તમામ પ્રકારનાં ખરાબ કામો કરે છે, એવા લોકોની વચ્ચે સ્ત્રીઓ શું કરશે? પણ ગાંધીજીનો જવાબ હતો ' જે પતિત છે તેની સામે આપણી પાસે જે ઊંચામાં ઊંચી નૈતિક શક્તિ છે, તેને મોકલવી જોઈએ. ' અને જે કામ થયું તેમાં દુનિયા વિસ્મયપૂર્વક સાક્ષી બની. આ દ્વારા ગાંધીજીએ જગતને શીખવ્યું કે સ્ત્રી સમાજ-પરિવર્તનના કામમાં પુરુષ જેટલું જ અને કોઈ કોઈ બાબતમાં પુરુષો કરતાં ચડિયાતું યોગદાન આપી શકે છે. ગાંધીજીએ કહ્યું કે " સ્ત્રીને અબળા જાતિ કહેવી એ તેની બદનક્ષી કરવા બરાબર છે." તેનામાં પશુબળ નહી પણ નૈતિક બળ છે. કુદરતે સ્ત્રી અને પુરુષને બેઉને એકબીજાની અવેજી સારું નહીં પણ એકબીજાના પૂરક થવા સારું સર્જ્યા છે. અમુક પ્રાકુતિક ભેદ બાદ કરતાં સ્ત્રી અને પુરુષ સમાન જ છે. અમુક કામ સ્ત્રીઓ જ કરે- આવો ભેદ તોડવો જરૂરી છે. ' સ્ત્રીને ટુકડામાં વહેંચી નાખી છે.' પણ, સ્ત્રી પુરુષ કરતાં કોઈ રીતે ઊતરતી નથી. હા, તેની શારીરિક શકિત પુરુષની સરખામણીમાં કદાચ કાંઈક અંશે ઓછી હશે. પણ જે સ્ત્રી કરી શકે છે તે પુરુષ કરી શકતો નથી. સ્ત્રી જેટલું સહન કરી શકે છે, તિતિક્ષા ઝીલી શકે છે. સંતાનોત્પતિની કઠણમાં કઠણ પ્રક્રિયામાંથી પસાર થઈ શકે છે. તે જોતાં સ્ત્રીની શારીરિક શકિત ઓછી માની શકાય તેમ નથી. ને મોટા રાક્ષસી શકિતઓનો વિનાશ પણ દેવીઓના હસ્તે જ તો થયો છે આથી તો નારી ને શકિતનું રૂપ કહે છે. આટલી શક્તિ હોવા છતાં સ્ત્રી સંસાર અને પરમાર્થ બંનેના મધ્યબિંદુમાં છે. સાંસારિકો માટે તે ભોગની વસ્તુ બની અને પરમાર્થીઓએ સ્ત્રીને બંધનમાં ફસાવનારી છે તેથી તેના પ્રત્યે ધૃણા, તિરસ્કાર એટલી હદે રાખ્યા કે તેનું મોં જોવું પણ ખોટું ગણ્યું! ક્યારેક ' અખંડસૌભાગ્યવતી ' તો ક્યારેક ' ગંગાસ્વરૂપ ' કહીને સ્ત્રીશક્તિને સીમિત કરેલ છે. સ્ત્રી-પુરુષનો ભેદ તો આકૃતિમાત્રનો ભેદ છે. અંદરનો આત્મા તો એક જ છે. સ્ત્રીની આંખો જ આત્મા હોય છે. સ્ત્રી હાઉસ વાઈફ હોય કે વર્કિંગ વુમન હોય પણ એનું પોતાનું સ્થાન હોવું ખૂબ જ અગત્યનું છે.

વિનોબાજી કહેતા કે પુરુષોની બુદ્ધિએ મોટે ભાગે સર્વનાશની જ રચના કરી છે. કેટલી લડાઈઓ થઈ ! પુરુષોની રાજનીતિનાયે કેવા હાલ છે. સામાજિક આક્રમણનો સામનો કરવા સ્ત્રીએ પોતાની આત્મશક્તિ દ્વારા સંયમની સાધના કરવી પડશે. તેનામાં આધ્યાત્મિક ક્ષમતા પડી છે. શક્તિનું અધિષ્ઠાન છે. પોતાના આચરણ અને વિચારો દ્વારા પોતાનો પ્રભાવ પેદા કરવો પડશે. સ્ત્રીઓએ




સમાજની શાંતિરક્ષા અને શીલરક્ષાની જવાબદારી ઉઠાવવા આગળ આવવું પડશે. સમાજનું સંચાલન માતૃશક્તિના હાથમાં હોવું જોઈએ. જગતના મહાન તીર્થ સમાન માતાની ગોદમાં પોતાનાં સંતાનો માટે કોઈ ભેદભાવ નથી હોતો, તેમ સમાજમાં વર્ગભેદ, વર્ણભેદ આદિ ન રહે તે રીતે સમાજને પ્રેમના સંસ્કાર આપી સમાજની નવેસરથી રચના કરવી પડશે. નવી સમાજરચનાના પાયામાં માતૃત્વભાવ હશે. માતૃશક્તિ એક સર્જનાત્મક શક્તિ છે, વ્યવસ્થા શક્તિ છે, કલ્યાણકારી શક્તિ છે. સમાજમાં રચનાત્મક રાજનીતિ, અર્થનીતિ, વ્યવસ્થા સંચાલન આદિ માતૃત્વની ભાવનાથી કરવાં પડશે. આ માટે બગાવત કરવી એ અવિનય કૃત્ય છે એમ ન માનવું જોઈએ પણ બગાવત એ રીતે કરવી જોઈએ તેમાં દેહપરાયણતા ઓછી થાય અને આત્મ-પરાયણતા વધે ઉપરાંત તે શુદ્ધતા અને સમજપૂર્વકની હોવી જોઈએ. સમાજને સર્વનાશના નહીં પણ સર્વોદયના માર્ગે, સંસ્કૃતિના માર્ગે આગળ વધારવો પડશે તે માટે માતૃશક્તિએ, પ્રેમની શક્તિએ સક્રિય થવું પડશે. નહિ તો ભસ્માસુરે પોતાના જ માથે પોતાનો હાથ મૂકીને પોતાને ભસ્મ કરી નાખેલો, તેવા જ હાલ આજની આ પુરુષ સંચાલિત દુનિયાના થશે. સમાજને સ્ત્રીના સ્નેહ, માર્દવ, ઋજુતા આદિ ગુણોનો સ્પર્શ થવો જોઈએ. આમ, પુરુષ સમોવડી ગણાઈને સ્ત્રીએ પુરુષની નકલ કરવાની નથી, તેનું આંધળું અનુકરણ કરવાનું નથી; પરંતુ તેણે તો પોતાના આગવા વ્યક્તિત્વની છાપ બધે છોડવાની છે. ' સ્ત્રી ' શબ્દ ' સ્તૃ ' ધાતુનો બનેલો છે. સ્તૃનો અર્થ છે વિસ્તાર કરવો, ફેલાવવું. સ્ત્રી એટલે ફેલાવનાર. પ્રેમને આખી દુનિયામાં ફેલાવનાર. સ્ત્રી શબ્દમાં જ સ્ત્રીનું કાર્ય સૂચિત કરવામાં આવ્યું છે. પ્રેમનો વિસ્તાર, પ્રેમની વ્યાપકતા સ્ત્રી દ્વારા જ થશે. સ્ત્રી સમાજને તારવાવાળી, તારિણી-શક્તિ છે. માતૃશક્તિ જ્યારે ઘરની બહાર પણ સક્રિય બનશે, ત્યારે આજે મુખ્યત્વે કુટુંબમાં જ મર્યાદિત રહેલો પ્રેમ સમાજમાંયે સહેલાઈથી પ્રસરશે. આપણે સ્ત્રીને જાગૃત કરીને એનું સ્ત્રીત્વ નાબૂદ નથી કરવું, પરંતુ પોતાનું સ્ત્રીત્વ બરાબર જાળવી રાખીને નારી પુરુષના જેવી સ્વતંત્રતાની અધિકારી બની રહે, એવો મહિમા આજે થવો ઘટે. સ્ત્રી હોવું એ લાંછન નથી કે ભારરૂપ નથી. ભલે તે કોઈને જન્મ ન આપીને કોઈની જનની ન થઈ હોય, તો પણ તે જગન્માતા થવાને લાયક છે.

## ડાયરેક્ટ ❤ સે

તમારી #Impression એવી હોવી જોઈએ કે, કોઈ તમારા વિશે ખરાબ બોલે તો લોકોનો જવાબ હોય #Impossible !!

## જન્મદિને વધામણી



દક્ષાબેન સોલંકી
સભ્ય, અખિલ ભારતીય મહિલા સ્વાસ્થ્ય સંઘ



પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ કલબ



પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક